દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# ભટ્ટમેવાડા વર્તમાન

RNI No. GUJGUJ/2008/28227

તંત્રી : અશોકકુમાર કૃષ્ણલાલ મહેતા

Gandhinagar

RNI No.GUJGUJ/2008/28227
Post-L-2/RNP/G-GNR-266/09-11
Sector-07 Post, Gandhinagar
Velid Up to : 31 Dec., 2011
Rs.5-00, Annual : Rs.50-00

■ વર્ષ-૧ ■ અંક-૧૨ ■ તા.૧૫-૧૦-૦૯ ■ પાના-૪ ■ કિંમત-રૂ.૫/- ■ લવાજમ-રૂ. ૫૦/-

રજિ. કાર્યાલય : ''સુકૃતિ'', પ્લોટ નં. ૬૮/૧, સેક્ટર-૩/એ (ન્યુ), ગાંધીનગર-૩૮૨ ૦૦૬ (ગુજરાત) ■ મો. 98244 59694

# અમે, ભટ્ટમેવાડા....

- શ્રી રામકૃષ્ણ શિવશંકર મહેતા (ખંભાત)

શિવજીની આજ્ઞાથી શ્રી ભટ્ટ હરપુર દાનમાં આપી વાસુકીને અત્યંત આનંદ થયો. આ ભટ્ટોહર ક્ષેત્રમાં ગણપતિ, ભટ્ટાર્ક શિવ, હરિ ક્ષેત્રપતિ તથા કાત્યાયિની દેવી નિવાસ કરે છે. જે ક્ષેત્રમાં એકિલંગજી પ્રમુખ દેવતા છે તે ત્રિકુટ પર્વત તરીકે ઓળખાય છે. વાસુકી પ્રત્યે પ્રીતિ હોઈ ગણપતિ, અર્ધનારીશ્વર, બ્રહ્મા, શ્રી બટુક, અન્નપુર્ણા દેવી બધાએ અહીં નિવાસ કર્યો. ભટ્ટ મેવાડા આદિ સમસ્ત બ્રાહ્મણો અહીં વસ્યા અને તેમણે વાસુકીને નિરંતર આશીર્વાદ આપતા રહ્યા. શૌનકે પ્રશ્ન કર્યો પચ્ચીસા બંધુલ જાતિ જે દર્શાવી છે તે જ્ઞાતિભેદ છે કે આ જાતિમાં સમાવિષ્ટ છે તે કહો. સૂત કહેવા લાગ્યા ચોવીસ ગોત્રના ભટ્ટમેવાડા છે. તે તમામ સાથે તે ભાઈચારો રાખે છે, તેમનું રક્ષણ કરે છે. આમ બંધુલ બ્રાહ્મણ પચ્ચીસા બ્રાહ્મણ તરીકે ઓળખાયા અને તેમની જ્ઞાતિ જુદી ગણાઈ. આ બ્રાહ્મણોને ભટ્ટમેવાડા આદિ બ્રાહ્મણો સાથે ભોજન વ્યવહાર તથા જ્ઞાતિ સંબંધ હોય છે. પરંતુ લગ્ન વ્યવહાર હોતો નથી. સ્નેહવશ બન્ને જ્ઞાતિઓ વચ્ચે મિત્રતા રહે છે, પરંતુ વિવાહ સંબંધમાં અંતર રહે છે. ભટ્ટ મેવાડા જ્ઞાતિમાં લગ્ન અંગે વિશેષતા છે. વિવાહપૂર્વે એક સુવાસિની માથા ઉપર પાણી ભરેલાં બે બેડા, બેડા ઉપર પાંચ પાન ઉપર શ્રીફળ લઈને જાનના ઉતારે જાય છે અને વરરાજાને આચમન કરાવે છે. આ સુવાસિનીને સૌભાગ્ય સુંદરી કહેવામાં આવે છે. આ સુંદરી પાછળ બન્ને તરફની અન્ય સુવાસિની સ્ત્રીઓ મંગળ ગીતો ગાતી ગાતી આવે છે. પછી વરરાજાને ચત્વર પૂજા તથા અન્ય પૂજા કરાવવામાં આવે છે. તમામ બ્રાહ્મણોની સેવા માટે વાસુકિએ પહેલા ભટ્ટ મેવાડા વણિક, ભટ્ટ મેવાડા સુથાર, ભટ્ટ મેવાડા સોની, ભટ્ટ મેવાડા તંબોલી વગેરે જ્ઞાતિઓની સ્થાપના કરી. જેવી રીતે બ્રાહ્મણોનું પ્રમુખ કાર્યસંધ્યા છે તેમ આ જ્ઞાતિઓ માટે બ્રાહ્મણોની સેવા પ્રમુખ દ્રષ્ટિ છે. શૌનક પૂછવા લાગ્યા, હે સૂત ! તમે ભટ્ટહર સ્થાનનું મહાત્મ્ય કહ્યું, પરંતુ જે કારણસર વાસુકિ નાગે નગરનું દાન કર્યું તે કારણ કહો. સૂતે કહ્યું પાંડુરાજાને પાંચ પુત્રો હતા, તે પૈકી અર્જુનના પુત્ર અભિમન્યુનો પુત્ર પરીક્ષિત હતો. પરિક્ષીત રાજાને એક બ્રાહ્મણે શાપ આપ્યો કે આજથી સાતમે દિવસે તક્ષક નાગ કરડવાથી તારું મૃત્યુ થશે. સાતમે દિવસે તક્ષક નાગના નિમિત્તથી પરીક્ષિત રાજાનું મૃત્યુ થયું. તેનાથી તેમના પુત્ર જનમેજય મેવાડમાં નાગદાહ નામની ભૂમિ ઉપર સર્પયજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો. જેથી ઘણા બધા સર્પોનો નાશ થાય તેમ હતો. આ વાતની ખાતરી થતાં તેણે યજ્ઞ પૂર્વે તેની બહેનને જલદી જલદી ભટ્ટમેવાડા જ્ઞાતિમાં વિષ્ણુ વૃધ્ધ ગોત્રના જરત્કારુ નામના બ્રાહ્મણ સાથે પરણાવી. ત્યારબાદ તેને ત્યાં આસ્તિક નામનો પુત્ર જન્મ્યો. ત્યારબાદ રાતદિવસ તપમાં નિષ્ઠાવાન પુત્રને જોઈને માતાએ કહ્યું હે પુત્ર ! તું તો ફકત તપશ્ચર્યામાં મગ્ન રહે છે. પરંતુ તારી માતા મહના કુળનો નાશ થઈ રહ્યો છે. માતાનું આવું વચન સાંભળી આસ્તિક મુનિ કહેવા લાગ્યા. હે માતા હું માતામહના કુળનું રક્ષણ કરવા માટે સર્પસત્ર યજ્ઞના મંડપમાં જાઉં છું અને ત્યાં જઈને ઉપદ્રવની શાંતિ કરવા માટે ન્યાયના માર્ગે પ્રાર્થના કરીશ. એવું કહીને આસ્તિક મુનિએ પોતાના વાકચાતુર્યથી જાતજાતના વચન કહી, જેમ વામન અવતારમાં ભગવાને બલિ રાજાને મોહિત કર્યા હતા તેમ રાજા જનમેજય અને ધન્વન્તરિને મોહિત કર્યા. જયારે જનમેજયે આસ્થિક મુનિને પ્રેમભાવથી કહ્યું કે આપની ઈચ્છા અનુસાર મારી પાસે વરદાન માંગો. ત્યારે આસ્તિક મુનિએ કહ્યું કે જો આપ મને ઈચ્છિત વરદાન આપવા માગતા હો તો હું માંગું છું કે તક્ષક સહિત તમામ નાગને છોડી દો. મુનિની આ માગણી સાંભળતા જ રાજ દરબારમાં હાહાકાર મચી ગયો. અને નાગકુળમાં જયજયકાર થઈ રહ્યો.

**(ક્રમશઃ)**

**હાય હેલ્લો છોડો... જય એકલિંગજી બોલો...**

# તંત્રી સ્થાનેથી....

## મહોબત ખપે

હમણાં બહારગામ ગયો ત્યારે એસ.ટી. બસની અવેજીમાં ખાનગી વાહન તૂફાનમાં મુસાફરી કરવાનો પ્રસંગ બન્યો. તૂફાન-જીપના આગળના કાચ ઉપર લખ્યું હતું. મહોબત ખપે સૂત્ર ગમી ગયું. ડ્રાઈવર જ જીપનો માલિક હતો. તેની વાતો પરથી લાગ્યુ કે તે અન્ય કોમનો હતો. મેં તેને પેલા સૂત્ર વિષે પૂછ્યું મહોબત ખપે- કેમ? તેણે કહ્યું- સાહેબ, મહોબત જ ખપે. દરેક મજહબમાં મહોબતની જ ખપત કહી છે. મેં કહ્યું. તમારી કોમનો આજકાલ નફરતની ખપતમાં પડી હોય તેમ નથી લાગતું ? તો કહે, સાહેબ ગમે તે કોમ હોય મુઠ્ઠી ભર માણસો નફરત ફેલાવે તેથી કંઈ નફરતની ખપત ન વધે. નફરત કોઈને ન ખપે. મહોબત જ ખપે.

ઓછું ભણતર અને વધુ સમજણ ધરાવતા અન્ય કોમના ડ્રાઈવરની વાત હ્યદયને સ્પર્શી ગઈ. આવા સમજદાર નાગરિકોને કારણે જ આપણાં દેશમાં શાંતિ અને સમૃધ્ધિ ટકી રહી છે. દરેક કોમના આવી ઉમદા વિચારસરણી ધરાવતા સ્વજનો જ મહોબતની ખપતમાં વધારો કરે છે. આપણી ભારતની સંસ્કૃતિ એવી છે કે છાશવારે એક-બીજાને હળવા-મળવાના પ્રસંગો બનતા રહે છે. હોળી હોય તે દિવાળી સૌ કોઈ એક બીજાને અભિનંદન આપે, એક-બીજાને હળે-મળે અને આનંદ-મસ્તીથી પ્રસંગની ઉજવણી કરે. હવે આનંદ-મસ્તીનું પ્રસંગ હાથ-વેંતમાં જ છે. આપણે સૌ મહોબતની વધુને વધુ લ્હાણી કરીએ અને એકલિંગજી દાદાને પ્રાર્થના કરીએ. સૌ ભટ્ટમેવાડાજનોનું નવું વર્ષ સુખદાયક, સમૃદ્ધિ દાયક, સ્વાસ્થ્યદાયક અને આનંદદાયક બની રહે. નાના-મોટા સૌ કોઈને નૂતન વર્ષના અભિનંદન !

# અભિનંદન

## શ્રી ઈશાન અરૂણકુમાર જોશી



શ્રી ઈશાન અરૂણકુમાર જોશી (અમદાવાદ)એ એમ.એસ.સી. પછી ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એમ.સી.એ. પરીક્ષા ૭૧.૨ ટકા માર્કસ સાથે ઉત્તીર્ણ કરેલ છે. તેમને ભટ્ટમેવાડા સમાજ ગાંધીનગર તરફથી હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

# સજ્જનોનું કઠિન વ્રત

प्रदानं प्रच्छन्नं गृहमुपगतं सम्भ्रमविधिः
प्रियं कृत्वा मौनं सदसि कथनं चाप्युपकृतेः।
अनुस्तेको लक्ष्म्यां निरभिभवसाराः परकथाः
सतां केनोद्दिष्टं विषमसिधाराव्रतमिदम्॥

ગુપ્તદાન, ઘેર આવેલા અતિથિનો આદરપૂર્વક સત્કાર, અન્યનું પ્રિય કરીને મૌન રહેવું, અન્યે કરેલો ઉપકાર સભામાં જાહેર કરવો, સમૃદ્ધિ વધતાં નિરાભિમાની રહેવું, અન્યની વાતોમાં નિંદાનો અભાવ- આવું કઠિન વ્રત સજ્જનોને કોણે ઉપદેશ્યું હશે ?

- પ્રો. ડૉ. જગદીશભાઈ જોષી (હિંમતનગર)

# પરમાત્માનું સ્વરૂપ

હે મારા સ્વામી ! હું તારું કયું સ્વરૂપ સંભારું અને કયું ન સંભારું ? જયારે મારું હ્યદય કઠોર અને શૂન્ય બને છે, ત્યારે તું દયાની વૃત્તિરૂપે પ્રગટે છે.

જયારે જીવનમાંથી હું રસ ખોઈ બેસુ છું, ત્યારે તું કોઈ કોઈ મધુર ગીતાવલીના સરોદરુપે, મારા અંતરને જગાડી જાય છે. જયારે કામની અસંખ્ય ધમાલોથી હું આકુળ-વ્યાકુળ બની જાઉં છું, ત્યારે તું મારી પાંપણ ઉપર બેસીને જરાક નિદ્રાઘેનની મોહિની બંસી છેડી મને આરામ આપી જાય છે.

કોઈ વખત મારું ભીરુ કંગાળ હ્યદય કોઈ એક અંધારા ખૂણામાં રાંકની જેમ સાવ નિર્માલ્ય બનીને ટૂંટિયું વાળી બેસી જાય છે, ત્યારે તું હે મારા રાજા ! કાંઈ મહાન નૃપતિની અદાથી, એકદમ બારણું ખોલીને પ્રવેશે છે અને મારી પેલી રાંકડી ક્ષુદ્રતા કોણ જાણે કયાં ભાગી જાય છે. !

અને જયારે અદમ્ય કામનાનો ઘેરો અંધકાર મારા મન-આકાશને વીંટળાઈ વળે છે ત્યારે હે પવિત્ર ! તું વીજળી લઈને મારી પાસે આવે છે ! હું તે તને, હે મારા નાથ ! કયા સ્વરૂપે પિછાનું ને કયા સ્વરૂપે ન પિછાનું ?

- રવિન્દ્રનાથ ઠાકુર (ગીતાંજલિ માંથી)

**'ભટ્ટમેવાડા વર્તમાન' સામયિકમાં આપના મંતવ્યો, લેખો, સમાજોપયોગી સૂચનો, જાહેરાતો, લવાજમ વગેરે આપવા સંપર્ક કરો.**

**(મો) 98244 59694**

# ગૌરવવંતા મહાનુભાવ : ડૉ. જયશંકર મૂળશંકર મહેતા

જન્મ : દિનાંક : ૨૬-૧૦-૧૮૯૫

અવસાન : દિનાંક : ૧૮-૧૨-૧૯૭૬

ડૉ. જયશંકર મૂળશંકર મહેતાનો જન્મ મણિયારી તા. ચાણસ્મા, જિ.પાટણમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ નડિયાદમાં મેળવી મેડીકલ અભ્યાસ માટે તેઓ મુંબઇ ગયા અને ત્યાંથી એલ.સી.પી. એન્ડ એલ.ની ડીગ્રી મેળવી.

અભ્યાસ પછી અમદાવાદમાં આંખના નિષ્ણાંત ડોકટર દાદા માનજી પાસે અનુભવ મેળવી તેમની સાથે કામ કર્યું. ત્યારબાદ ખાનગી તબીબી પ્રેક્ટીસ અમદાવાદમાં શરૂ કરી. તેમણે નેત્રરોગ અંગે નિપૂણતા મેળવીને આંખના કુશળ સર્જન તરીકે નામના મેળવી. શરૂઆતથી જ પોતાના વ્યવસાય સાથે સમાજસેવાનું કામ ઉપાડી અમદાવાદ ઉપરાંત મહેસાણામાં ગરીબો માટે રાહતદરનું નેત્ર ચિકિત્સાલય શરૂ કર્યું.

આ ઉપરાંત એમણે કામળી, સિદ્ધપુર, પાલનપુર, ગીરીરાજ મથુરા, અમદાવાદ વગેરે ઘણા સ્થળોએ નિઃસ્વાર્થ નેત્રયજ્ઞો કર્યા અને ઘણા બધા પ્રશંસાપત્રો મેળવ્યા. પૂ. પુનિત મહારાજે મણીનગર અમદાવાદના નેત્રયજ્ઞ માટે એમની ખૂબ જ પ્રશંસા કરી હતી.



સાહિત્ય પ્રવૃત્તિમાં પણ એમને ઊંડો રસ હતો. તેઓશ્રી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના આજીવન સભ્ય હતા. ભટ્ટમેવાડા સમાજના ઉત્થાનમાં એમણે ખૂબ જ રસ લીધો હતો અને સમાજની પ્રવૃત્તિમાં કેળવણીનું મહત્વ જાણી અમદાવાદમાં ભટ્ટમેવાડા છાત્રાલય શરૂ કરવા અથાગ પ્રયત્નો કર્યા. એમના અથાગ પ્રયત્નો અને અવારનવાર બેઠકોના પ્રયાસોથી મુંબઇ ભટ્ટમેવાડા હિતવર્ધક મંડળે અમદાવાદમાં છાત્રાલય શરૂ કરવા નિર્ણય કર્યો.

તે સમયે માતબર ગણાતી રૂા.૨૫,૦૦૦ની સખાવત કરી તેમણે ભંડોળ ઉઘરાવવાના શ્રીગણેશ કરેલ અને વખતોવખત વિનંતીપત્રો અને પ્રયત્નોથી ભંડોળ પ્રાપ્ત કરેલ. એમના પરિશ્રમના પરિણામરૂપે ભટ્ટમેવાડા છાત્રાલય હાલ અસ્તિત્વમાં છે.

તેઓ દીર્ઘદષ્ટા હતા અને આવનાર સમયમાં કેળવણીનું મહત્ત્વ જાણી તે દિશામાં તેઓએ પ્રયત્ન કર્યા. તેઓ કન્યા કેળવણીના પ્રખર હિમાયતી હતા અને કન્યા છાત્રાલય માટે પણ ભંડોળ એકઠું કરવાના પ્રયત્નો તેમણે કર્યા હતા.

એમની ઇચ્છા ભટ્ટમેવાડા છાત્રાલય એક કેન્દ્રબિંદુ બની અન્ય પ્રવૃત્તિઓ જેવી કે ભટ્ટમેવાડા પ્રાથમિક શાળા અને હાઇસ્કૂલ, ભટ્ટમેવાડા કો.ઓ. બેન્ક અને સ્ત્રી ઉદ્યોગ શાળા શરૂ થાય તે હતી. આવી આપણી જ્ઞાતિની મહાન વિભૂતિને આપણે સર્વ વંદન કરીએ છીએ.

**પોસ્ટની પરવાનગી મળવામાં વિલંબ થવાથી ઓગસ્ટનો અંક ટપાલને બદલે હાથોહાથ રવાના કરેલ જે બધાને મળેલ ન હોઇ ઓગસ્ટ અંકમાં પ્રસિદ્ધ થયેલ ડૉ.જ.મૂ.મહેતાનું જીવન ઝરમર આ અંકમાં પુનઃ પ્રસિદ્ધ કરેલ છે. - તંત્રી**

# રાયગઢ મુકામે ધાર્મિકોત્સવ

રાયગઢ મુકામે શ્રી શીતળા માતાજીના મંદિરે નવકુંડી શતચંડી યાગ તેમજ ગણેશજી અને બળિયા દેવનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા.૨-૧૦-૦૯ થી ૪-૧૦-૦૯ ત્રણ દિવસ ધામધૂમપૂર્વક સમસ્ત ગામમાં ઉજવાયો. શ્રી યોગેન્દ્ર ઋષિરાજ અગ્નિહોત્રીના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી યજ્ઞનો પ્રારંભ કર્યો હતો. આચાર્ય તરીકે યજુર્વેદાચાર્ય શ્રી પ્રેમનારાયણ કાંતિલાલ શુક્લ બિરાજમાન હતા. મુખ્ય યજમાન શ્રીમતી મંજુલાબેન મહેન્દ્રપ્રસાદ દીક્ષિત હતા. સ્વ. કાંતિલાલ વિઠ્ઠલદાસ શુક્લ શ્રી દેવાંગ દિનેશકુમાર ભાઇશંકર ઉપાધ્યાય તરફથી ગણેશજી, બળીયાદેવ તથા યમ, વરૂણ, કુબેર મૂર્તિ દાનમાં આવેલી છે. શ્રી જયંતિલાલ કોદરલાલ દીક્ષિત ગણેશની મૂર્તિપ્રતિષ્ઠાના યજમાન હતા. ધ્વજારોહણ અમીતકુમાર કીરીટકુમાર ઉપાધ્યાયના હસ્તે થયેલ. મહાપ્રસાદના યજમાન શ્રી કનકકુમાર હરનારાયણ દીક્ષિતના સહયોગથી સમસ્ત ગામનો ભોજન સમારંભ પૂર્ણ થયો. લગભગ પચ્ચીસેક ભટ્ટમેવાડા સમાજના અન્ય દાતાઓએ પણ યજ્ઞમાં ભાગ લીધેલ. સમાજના બહારથી પધારેલ મહાનુભાવોની હાજરીમાં ગામના અગ્રગણ્ય કાર્યકરો અશ્વિનભાઇ દીક્ષિત, યોગેશભાઇ ઉપાધ્યાય, પી. પી. પંડ્યા, યોગેશભાઇ પંડ્યા, અતુલભાઇ ભટ્ટ, મહેશભાઇ દીક્ષિત વગેરેના આયોજનથી સફળતાપૂર્વક આ કાર્યક્રમ પૂર્ણ થયેલ છે.

# હમ હોંગે કામયાબ



મનમાં દૃઢ સંકલ્પ હોય, વિકટ પરિસ્થિતિ, પ્રતિકૂળ સંજોગો સામે લડવાની હામ હોય, ધીરજ હોય અને ઇશ્વર ઉપર અપાર શ્રદ્ધા હોય તો સામે ગમે તેટલા ઝંઝાવાતો આવે, પહાડ જેવી મુસીબતોનો સામનો કરવો પડે તો પણ માનવી પોતાનું લક્ષ્ય મેળવવામાં અચૂક સફળ થાય છે. આ વાત સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના પાલ્લા ગામના પ્રકાશકુમાર ડી.જોષીએ સાબિત કરી દીધી છે.

શ્રી પ્રકાશકુમારનો જન્મ થયો ત્યારે તેઓ અન્ય બાળકોની જેમ સામાન્ય અંગો ધરાવતા હતા. પરંતુ આવા નાનકડાં ગામમાં અપૂરતી સેવાઓ, જાગૃતિનો અભાવ તેમજ અમિતાભ બચ્ચન જેવા બ્રાન્ડ એમ્બેસેડરના 'દો બૂંદ જિંદગી કે' જેવા પોલિયો વિરોધી મહાઅભિયાનની ગેરહાજરીમાં શ્રી પ્રકાશકુમાર પોલિઓની રસીથી વંચિત રહી ગયા. પાંચ વર્ષની ઉંમરે બાળલકવાનો ભોગ બની ગયા. તેમને બંને પગે બાળલકવો થઇ ગયો.

પહેલાં અન્ય બાળકોની જેમ બંને પગે ચાલતાં-દોડતાં પ્રકાશભાઇ હવે બંને પગે ઊભા રહેવા માટે અશક્ત બની ગયા છતાં તેમણે પગભર થવાનો નિર્ધાર કર્યો અને સમાજ પર બોજ નહીં બનતાં પોતે અન્યોને પણ મદદરૂપ થવાનો સંકલ્પ કર્યો. સાત ધોરણ સુધી ગામમાં જ અભ્યાસ કર્યા બાદ અમદાવાદમાં ફોઇને ઘેર રહીને ૮ થી ૧૦ ધોરણ ભણ્યા. ગામમાં પિતા ઊંચકીને શાળાએ મૂકી જતાં અને લઇ જતાં. પરંતુ અમદાવાદમાં રહ્યા ત્યારે ઘસડાઇને જતા. આ દરમ્યાન એક પટેલ પરિવારને પ્રકાશભાઇને ઘસડાઇને શાળાએ જતાં જોઇ અનુકંપા આવવાથી શ્રી લાધાભાઇ પટેલે તેમને ટ્રાયસિકલ લાવી આપી. દસમું ધોરણ પાસ કર્યા પછી તેઓ વતન પાછા ફર્યા અને ભિલોડા અપડાઉન કરી ૧૨મું ધોરણ પુરું કર્યું અને ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું. ત્યારબાદ મોડાસા ખાતે પોસ્ટ ગ્રેજ્યુએશન શરૂ કર્યું અને અને મોડાસા ખાતે ગ્રંથાલય વિજ્ઞાનનો કોર્સ કર્યો અને પ્રથમ વર્ગ મેળવ્યો. ૧૯૯૫માં વતનમાં જ માધ્યમિક શાળામાં ગ્રંથપાલ તરીકે નોકરી મેળવી. પ્રકાશભાઇ આટલેથી જ બેસીના રહ્યા. તેમણે અન્ય વિકલાંગોની વેદના જાણી તેમને પણ જીવનમાં આગળ વધવાની પ્રેરણા અને હૂંફ મળે. તેમના પ્રશ્નોને વાચા મળે તે હેતુથી તેમણે સાબરકાંઠા જિલ્લામાં અપંગો માટેના મંડળની જરૂરિયાત જાણીને શામળાજી ખાતે સાબરકાંઠા જિલ્લાના અપંગ ભાઇ-બહેનોનું એક વિશાળ સંમેલન યોજાયું.

આ સંમેલનમાં ચર્ચા-વિચારણાના અંતે બુટાલ ગામના શ્રી વિનોદચંદ્ર પટેલના સહયોગથી 'સાબરકાંઠા ફિઝિકલી હેન્ડીકેપ વેલ્ફેર મંડળ, બુટાલ'ની સ્થાપના કરી. આ મંડળ હેઠળ વિકલાંગ શિક્ષિત બેરોજગાર યુવક-યુવતીઓને આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવા માટે ખાનગી, સહકારી અને સરકારી ક્ષેત્રે રોજગારી મળી રહે તે માટેની પ્રવૃત્તિ હાથ ધરી. વિકલાંગ રમતોત્સવમાં જિલ્લાના ગ્રામીણ વિકલાંગ ભાઇ-બહેનોને પ્રોત્સાહિત કરવાની કામગીરી પણ હાથ ધરાઇ. આ ઉપરાંત વિકલાંગ યુવક-યુવતીઓ માટે લગ્નમેળાનું પણ આયોજન કરવામાં આવ્યું. વળી, વિકલાંગ ભાઇ-બહેનોને ક્ષતિ દૂર થઇ શકે તેમ હોય તો પોલિયો ફાઉન્ડેશન દ્વારા શસ્ત્રક્રિયા કરાવી ક્ષતિ દૂર કરવામાં માર્ગદર્શન, માહિતી આપી સહાય કરવાની કામગીરી ઉપાડી. પ્રકાશકુમાર જોષીની વિકલાંગોની આર્થિક-સામાજિક પ્રગતિ માટેની કટિબદ્ધતા તેમજ તેમણે નિઃસ્વાર્થ સેવા કરી પ્રાપ્ત કરેલ સિદ્ધિઓની કદરરૂપે રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૫નો શ્રેષ્ઠ વિકલાંગ કર્મચારીનો એવોર્ડ માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ગાંધીનગર ખાતે એનાયત કર્યો હતો. પ્રકાશકુમારની ઇચ્છા કોઇ યોગ્ય સંસ્કારી યુવતી સાથે લગ્ન કરવાની છે. એકલિંગજી દાદાને આપણે પ્રાર્થીએ કે તેઓ પ્રકાશકુમારની ઇચ્છા ફળીભૂત કરે. પ્રકાશકુમાર જોષીએ કરેલા દૃઢ સંકલ્પ વડે તેઓ ઇચ્છિત પરિણામ લાવવામાં સફળ થયા છે. તેમણે પ્રાપ્ત કરેલ સિદ્ધિઓ માટે તેમને લાખ લાખ અભિનંદન!!

# 'ભટ્ટમેવાડા વર્તમાન' રજૂ કરે છે : વૈવાહિક વિજ્ઞાપન

ગાંધીનગર, જ્ઞાતિના યુવક-યુવતીઓના વૈવાહિક સંબંધ માટે સુયોગ્ય પાત્ર મળી રહે તે માટે દરેક માતા-પિતા ઉત્સુક હોય છે. ભટ્ટમેવાડા વર્તમાનમાં દરેક અંકમાં આ પ્રકારની જાહેરખબરો રજૂ કરવાનો અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે. યુવક-યુવતીઓનો બાયોડેટા જેમ કે ગોત્ર, અભ્યાસ ઊંચાઇ, મંગળદોષ, અપેક્ષિત પાત્ર વગેરે માહિતી અત્રે પ્રસિદ્ધ કરવામાં આવશે. પરિચય ગુપ્ત રાખવો હોય તો ગુપ્ત રાખી શકાશે. અત્રેથી બોક્સ નંબર આપવામાં આવશે. જાહેરખબર ભટ્ટમેવાડા સમાજ, ગાંધીનગર દ્વારા લોન્ચ કરવામાં આવનાર વેબસાઇટ ઉપર પણ મૂકવામાં આવશે. આગામી તા.૧૫-૧૨-૨૦૦૯ સુધીના અંકોમાં સદર જાહેરખબરો વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવામાં આવશે. આ યોજનાનો લાભ લેવા જ્ઞાતિબંધુઓને એક યાદીમાં જણાવાયું છે.

## જિંદગીનો ચેકો....

રખડેલ... અને અવારૂ નિકળ્યો. દોમ દોમ સાહ્યબીમાં આળોટતો હતો. પરંતુ મા-બાપે પણ તેના સુધરવાની આશા મુકી દીધી. ત્યાં લક્ષ્મી તેની ગુલામી કરવા ને માર ખાવા રોકાય તો દુઃખી આનંદીબાના દુઃખમાં ડુંગરો રોપાતાં. ને... આઠ - આઠ દાયકા વટાવી ચૂકેલ બા માં હિંમત ગરજી.

દુનિયાની દખ વેઠયાં, હવે દીકરીના દખ નથી વેઠાતાં, એના એકેક દખે મારં રૂવાડે દવ લાગે છે., દીકરી શરીરનું અંગ પાકે તો ત્યાંય ચેકો મેલવો પડસ., હવે મેલ આ જિંદગીનો ચેકો.

## તાત્કાલિક કીડનીની જરૂર છે

### આપણા સમાજની અઢાર વર્ષની કુમારિકા માટે

$A^+$ અથવા $O^+$ બ્લડગ્રુપ ધરાવતા ભાઇબહેનો પાસેથી કીડનીની તાત્કાલિક જરૂર છે. જો કોઇપણ જ્ઞાતિજન દાતા કીડની દાન કરશે તો કુમારિકાને નવું જીવતદાન મળી શકશે.

આ પવિત્ર કાર્યમાં અંતઃકરણપૂર્વક સાથ-સહકાર આપવા વિનંતી છે.

સંપર્ક

| | |
|---|---|
| અશોકભાઇ | ૯૮૨૪૪ ૫૯૬૯૪ |
| રમેશભાઇ | ૯૯૭૮૪ ૦૭૯૨૯ |
| સુરેશભાઇ ગોર | ૯૮૨૪૦ ૪૫૨૦૫ |
| અવિનાશભાઇ | ૯૪૨૭૬ ૧૧૪૪૦ |
| વ્યોમેશભાઇ | ૯૪૨૭૬ ૩૦૬૬૬ |
| અરૂણભાઇ | ૯૩૭૫૯ ૮૪૪૪૦ |
| છાત્રાલય | ૦૭૯ - ૨૬૪૬૦૩૬૧ |

# લગ્ન વિષયક

### કન્યા જોઇએ છે

નામ : દર્શન બી. પુરોહિત
જન્મ : ૦૬-૦૫-૧૯૮૬
ઊંચાઇ : ૫'-૧૦" (૭૩ કિ.)
અભ્યાસ : B.Com, PGDCA
સર્વિસ : સમર્થન એમ.બી.એ. કોલેજ, હિંમતનગર
મા.આવક : રૂા.૬,૦૦૦/-
ગોત્ર : પારાશર
સંપર્ક : ભરતભાઇ પુરોહિત
ફોન : 94274 02397

### કન્યા જોઇએ છે

નામ : ભાર્ગવ બી. જોષી
જન્મ : ૧૪-૧૧-૧૯૮૫
ઊંચાઇ : ૬" (૭૦ કિલો)
અભ્યાસ : M.A., B.A. with Sanskrit
વ્યવસાય : જ્યોતિષ/કર્મકાંડ હાથીજણ, દસક્રોઇ
મા.આવક : ---
ગોત્ર : પારાશર
સંપર્ક : ભાસ્કરભાઇ જોષી
ફોન : 97250 92208

### કન્યા જોઇએ છે

નામ : ભાનુપ્રસાદ હ. વ્યાસ
જન્મ : ૨૨-૦૬-૧૯૭૮
ઊંચાઇ : ૫'-૬"
અભ્યાસ : B.Com
સર્વિસ : સેલ્સ મેનેજર રહેઠાણ : દિલ્હી
મા.આવક : રૂા.૧૫,૦૦૦/-
ગોત્ર : પારાશર
સંપર્ક : હસમુખભાઇ વ્યાસ
ફોન : 0 98186 58877

### કન્યા જોઇએ છે

નામ : ધવલ આર. ગોર
જન્મ : ૧૨-૦૮-૧૯૮૧
ઊંચાઇ : ૫ ફુટ (૪૫ કિલો)
અભ્યાસ : BCA, Dip. Ele.
સર્વિસ : --- ---
મા.આવક : ---
ગોત્ર : વચ્છસ
સંપર્ક : રાજેન્દ્રપ્રસાદ ગોર
ફોન : 94291 34189

### કન્યા જોઇએ છે

નામ : અલ્પેશ જોષી
જન્મ : ૨૦-૦૬-૧૯૭૯
ઊંચાઇ : ૫'-૧૧"
અભ્યાસ : B.Com
સર્વિસ : ટીવી એડવર્ટાઇઝમેન્ટ પ્રોડક્શન
મા.આવક : રૂા.૩૦,૦૦૦/-
ગોત્ર : વચ્છસ
સંપર્ક : ગીરીશ જોષી (ઝવેરી)
ફોન : 99981 19030

### વર જોઇએ છે

નામ : ખુશ્બુ શાસ્ત્રી
જન્મ : ૩૦-૧૧-૧૯૮૪
ઊંચાઇ : ૫'-૫"
અભ્યાસ : M.Sc., DCA
સર્વિસ : પ્રોડક્શન મેનેજર હેસ્ટર બાયો સાયન્સ લિ., કડી
મા.આવક : ---
ગોત્ર : વચ્છસ (મંગળ છે)
સંપર્ક : દિવ્યેશભાઇ શાસ્ત્રી
ફોન : 98240 61899

### કન્યા જોઇએ છે

નામ : નીલાંગ જોષી
જન્મ : ૦૪-૦૧-૧૯૮૧
ઊંચાઇ : ૫'-૬"
અભ્યાસ : B.Com, સંગીત વિશારદ
સર્વિસ : પ્રોફેશનલ મ્યુઝીશીયન અને સંગીત શિક્ષક
મા.આવક : રૂા.૧૫,૦૦૦/-
ગોત્ર : વચ્છસ
સંપર્ક : ગીરીશ જોષી (ઝવેરી)
ફોન : 99981 19030

### વર જોઇએ છે

નામ : ઉપાસના ગોર
જન્મ : ૦૮-૦૧-૧૯૯૦
ઊંચાઇ : ૫'-૨"
અભ્યાસ : S.Y.B.Com
સર્વિસ : --- ---
મા.આવક : ---
ગોત્ર : વચ્છસ (દાવડ)
સંપર્ક : કમલેશકુમાર ગોર
ફોન : 94275 25829

# ધ્યાન શું છે ?

(ગતાંકથી ચાલુ)

**૩૫. ધ્યાન છે : એક પ્રસંગ...**

મન ચંચળ છે. આથી મનના વિચારોને ઓછા કરવાનું મન મારવાનું.... એવું કોઈ કૃત્ય-કર્મ કરવાનું નથી. ધ્યાનમાં માત્ર કંઈ જ ના કરો, ચુપચાપ શાંતિથી બેસી જાઓ અને સાક્ષી ભાવે બધું જોયા કરો, વિચારોને પણ.. વિચારો આવવાના જ છે, રોકવાનું કૃત્ય પણ કરવાનું નથી. આ એક પ્રસંગ છે.

**૩૬. ધ્યાન છે : એક રૂપાન્તરણ....**

ધ્યાન બીજું કંઈ જ નથી, માત્ર એ મારા અસ્તિત્વને (મુજ આત્માને) નિર્મળ, તાજા, યુવાન બનાવવાનો સુંદર સરળ પ્રયાસ માત્ર છે.... જે મને વધુ જીવંત, વધુ જાગરૂક, વધુ ચૈતન્ય બનાવે છે. આથી ડરો નહીં. જે કંઈ રૂપાન્તરણ થશે તે મારા હિતમાં જ થશે.

**૩૭. ધ્યાન છે : પરત મારા ઘરે ફરવું...**

મારા મનની બે જ સ્થિતિ શક્ય છે.

(૧) કાં તો મન છે. (૨) કાં તો મન નથી. અર્થાત અમન સ્થિતિ એક છે. પરિઘ ઉપર, બીજું છે કેન્દ્ર પર સ્થિત થવું. અમન થવું અર્થાત પરિઘ પરથી કેન્દ્ર પર આવવું અર્થાત હું મારા મૂળ આત્માના અસલ સ્વરૂપ કેન્દ્ર પર પરત આવું છું....

**૩૮. ધ્યાન છે : આનંદપૂર્ણ થવું....**

મારૂં જીવનનો ઉદેશ્ય આનંદ પ્રાપ્ત કરવા માટેનો જ છે. જીવન પોતે જ એક ઉદેશ્ય છે. બીજો કોઈ ઉદેશ્ય નથી. આ સમજી ગયા તો સદૈવ આનંદ પૂર્ણ રહેશો. ખેલપુર્ણ, સરળ જીવનશૈલી, બાળક જેવા.. જેમ બાળક રમે છે. હરે છે, ફરે છે. આનંદ, મજાક મસ્તી કરે છે, પરંતુ તેનો કોઈ ચોકકસ ઉદેશ્ય નથી હોતો. બસ એમ.

**૩૯. ધ્યાન છે : મનના માલિક થવું, મનને સમજીને અમન થવું.**

હું એક ચૈતન્ય જયોતિ સ્વરૂપ શકિત સ્વરૂપ (પ્રકૃતિના પાં તત્વોથી પર) આત્મા છું....

હું આત્માનું બંધારણ....

૧. મન(વિચાર)
૨. બુધ્ધિ(જ્ઞાન)
૩. સંસ્કાર (ગત કર્મ બુધ્ધિનો) ની બનેલ છું. મન એક સુપર કોમ્પ્યુટર જેવા યંત્ર-સાધન જેવા છે, જેમાં ભૂતકાળના ડેટા સંગ્રહેલા છે, જેના આધારે ભવિષ્યના પ્લાન્ બનાવી શકે છે....
૪. મન રૂપી યંત્રનો, બુધ્ધિ રૂપી, સંસ્કાર રૂપી સાધનોનો હું આત્મા માલિક છું અને તેમનો જયારે અને જેટલો ઉપયોગ હોય ત્યારે કરી શકું છું. તેવી સ્થિતિ પ્રાપ્ત થવી.
૫. જન્મ્યા પહેલાં હું હતો, મન હતું પણ કાર્યરત નહોતું. જન્મ્યા બાદ મન કાર્યરત થયું, હવે ફરી આ જન્મમાં જ તેવી મુજ આત્માની મૂળ સ્થિતિમાં પરત આવવું માત્ર હું છુ એટલે ધ્યાન અવસ્થા....
૬. હું ભૂતકાળમાં ન રહું કે ભવિષ્યકાળમાં ના રહું અને અત્યારની વર્તમાન ક્ષણમાં સ્થિત થવું અર્થાત ધ્યાન.
૭. મનને ગતિ કરવા માટે સમય જોઈએ. કાં તો ભૂતકાળ કાં તો ભવિષ્યકાળ. જો હું આત્મા વર્તમાન ક્ષણ પર સ્થિત થઈ જાઉં છું. તો મનની જરૂર પડતી નથી, મન ગાયબ થઈ જાય છે. અર્થાત હું અમન થઈ જાઉં છું. આ વર્તમાનમાં સ્થિત થવું એટલે ધ્યાન....
૮. મનની બે સ્થિતિ છે. કાં તો મન ને ગમે છે (રાગ કરે) કાં તો મન ને. ગમતું નથી (ના ગમે - દ્રેષ કરે છે.) હું ગમો કે અણગમો વ્યકત ન કરૂ તો હું વચ્ચેની સાક્ષી સ્થિતિમાં આવી જાઉં છું... આ સાક્ષી સ્થિતિમાં દષ્ટિ-વાણી- કર્મમાં સ્થિત રહેવું એ જ ધ્યાન.
૯. હું આત્માની હાથ નીચે વજીર(પ્રધાન) તરીકે મન (વિચાર) છે. અર્થાત સર્વોપરી સતા હું આત્મા છું. એવી આત્મિક સ્થિતિમાં સ્થિત રહેવું અર્થાત ધ્યાન.
૧૦. મન અર્થાત વિચાર, વિચારથી જ હું બહાર સંસારમાં આવું છું. જયારે વિચાર નથી તો મન નથી. તો મન હોવા છતાં મનથી પર થાઉં છું. એટલે આત્મિક સ્થિતિમાં સ્થિત થવું એ ધ્યાન....
૧૧. મનથી પર જવા માટે હું આત્મા પર સ્થિત થઈને માત્ર વિચારોને સાક્ષી બનીને જોયા કરો... એ ધ્યાન...

**૪૦. ધ્યાન છે : આત્મસાક્ષાત્કાર .....**

ધ્યાનના ઉપર્યુકત મુદાઓ સ્પષ્ટ થઈ જાય.. ત્યારે ધ્યાન દ્વારા હું આત્મા... જયારે... જેવી

તનથી પર થઈ જાઉં છું... અને

મનથી પર થઈ જાઉં છું.. અને જે ઘટના સ્વયં ઘટે છે... તેને આત્મસાક્ષાત્કાર કહેવામાં આવે છે. અર્થાત સ્વયં હું કોણ છું તે જાણી જાઉં છું અને તેમાં સ્થિત થઈ જાઉ છું. સ્પષ્ટ થઈ જાઉ છું... પોતાને ઓળખી જાઉં છું... એ છે સાધનાનો સાર....

**૪૧. ધ્યાન છે : જ્ઞાન....**

ઉપર્યુકત દર્શાવેલા ધ્યાનના મુદાઓ છે ધ્યાનનું જ્ઞાની, જેનાથી ધ્યાન શું છે, તે સ્વયંસ્પષ્ટ થઈ જાય છે. ધ્યાનનું જ્ઞાન સ્પષ્ટ થઈ ગયા બાદ...

ધ્યાન કેવી રીતે કરવું... ધ્યાનનું જ્ઞાન માટે પ્રત્યક્ષ શિખવવામાં આવે છે... તે પ્રાપ્ત કરો તો ઉપરોકત સર્વ તમારામાં ઘટ (પ્રત્યક્ષ) અવશ્ય થાય છે.

**(સંપૂર્ણ)**

# ક્ષણે-ક્ષણનો આનંદ

રાજર્ષિ જનક જેવા એક ભગવતપ્રેમી રાજને એવું તો અદ્ભુત સ્વપ્ન આવ્યું કે તેઓ તેનું રહસ્ય જાણવા તેમના આત્મજ્ઞાની ગુરુ પાસે પહોંચી ગયા. ઔપચારિક વાતચીત બાદ તેમણે કહ્યું ગુરુદેવ આમ તો સ્વપ્ન એટલે સ્વપ્ન તેનો કોઈ અર્થ ન હોય. પરંતુ ગઈ રાત્રિનું સ્વપ્ન મને કંઈક સંકેત આપતું હોય તેવું લાગ્યું. આથી તેનો મર્મ જાણવા હું આપની પાસે આવ્યો છું.

સ્વપ્નમાં હું શત્રુરાજાથી પરાજિત થયો. મારો જાન જોખમમાં હતો આથી મધ્યરાત્રિએ હું ગુપ્તમાર્ગે નગરની બહાર નીકળી ગયો. મરણના ભયને કારણે હરણફાળ ભરતો ભરતો હું જંગલના એવા સ્થળે પહોંચ્યો કે જયાંથી આગળ કયાંય પણ જઈ શકાય નહીં. એટલામાં તો ત્રાડ પાડતો એક વાઘ મારી પાછળ પડયો. હું તો જીવ બચાવવા આમ તેમ દોડવા માંડયો. પરંતુ જાઉં કયાં ? આખરે એક ઉંડી ખીણ પાસે પહોંચી ગયો. ત્યાં વૃક્ષની એક ડાળી ખીણમાં લટકતી હતી તેને બરાબર પકડી રાખી ખીણમાં લટકતો રહ્યો. અરે ! નીચે નજર કરી તો ખીણમાં ભયંકર નાગ ફૂંફાડા મારતો ઝેર આંકી રહ્યો હતો. ઉપરની બાજુએ વાઘ નીચે નાગ, વચ્ચે હું ?ડાળીની ઉપર નજર કરીતો ડાળી એક સફેદ ઉંદર અને એક કાળો ઉંદર કાપી રહ્યા હતા ? મારું મૃત્યુ હવે નિશ્ચિત હતું. પરંતુ ગુરુદેવ આશ્ચર્યની વાત તો એ હતી કે મરણની સ્હેજ પણ બીક લાગતી નહીં હું તો હરિસ્મરણ કરતો કરતો મૃત્યુની પ્રતીક્ષા કરવા લાગ્યો !

એટલામાં મારા હોઠ પર કંઈક પડયું ઉપર જોયું તો મધપૂડો ! થોડીવાર પછી મધનું બીજું ટીપુ પડયું. તેને તો મે સીધુ મોંમા જ પધરાવી દીધું. કેટલું મધુર ! જાણે અમૃત બિંદુ ! હરિસ્મરણ અને મધના આસ્વાદમાં મૃત્યુ તો બિચારું કયાંય ભૂલાઈ ગયું પરંતુ મધના ટીંપા માટે પહોળુ થયેલું મારું મોં જોઈ રાણી ગભરાયાં અને તેમણે મને જગાડયો.

મહારાજશ્રી આ સ્વપ્ન ભૂલવા હું ખૂબ પ્રયાસ કરું છું તો પણ હું તેને ભૂલી શકતો નથી. તેનું શું કારણ હશે ?

સંતે પ્રત્યુત્તર આપ્યો રાજન, તમારું આ અર્થપૂર્ણ સ્વપ્ન ભૂલવા માટે નથી. અનુકુળ કે પ્રતિકુળ ગમે તેવી પરિસ્થિતિમાં પણ જીવનની એકેએક ક્ષણ આનંદપૂર્વક માણવાનો તમને તે સંદેશ આપે છે.

તમારા અજ્ઞાનમનમાં રહેલા પરાજયના ભયને કારણે સ્વપ્નમાં પરાજિત થયા.

પ્રાણઘાતક અકસ્માતથી કે માદક દ્રવ્યોના વ્યસનને કારણે અકાળે મૃત્યુ થાય છે. વાઘથી મૃત્યુ એટલે અકસ્માતથી મૃત્યુ. સર્પદંશથી મૃત્યુ એટલે ઝેરી વ્યસનોથી થતું મૃત્યુ. સ્વપ્નનો સંકેત છે કે તમે આ બન્ને પ્રકારના અકાળૃ મૃત્યુથી પર છો.

ઉંડી ખીણ એટલે અસાર સંસાર.વૃક્ષ એટલે જીવન. ડાળી એટલે આયુષ્યરેખા. સફેદ ઉંદર એટલે દિવસ, કાળો ઉંદર એટલે રાત્રિ. દિવસ-રાત્રિ આપણી આયુષ્ય દોરીને કાપી રહ્યા છે. ડાળી કપાવાથી મૃત્યુ એટલે સ્વાભાવિક, કુદરતી મૃત્યુ. હરિસ્મરણ એટલે કાળના પણ કાળ પરમાત્માનો આશ્રય તેને જ કારણે તમે મૃત્યુની હસ્તેમુખે પ્રતીક્ષા કરી શક્યા. મધુબિંદુ એટલે આત્મજ્ઞાનનું આનંદબિંદુ અને તેને જ કારણે તમો ભયાનક પરિસ્થિતિમાં પણ ક્ષાણોક્ષણનો આનંદ માણી શકયા.

રાજન્ ભૂતકાળની વ્યર્થ વ્યથા અને ભવિષ્યકાળની કાલ્પનિક ચિંતાને વાગોળ્યા સિવાય, વર્તમાન જીવનની એકે એક ક્ષણ આનંદપૂર્વક માણવી તે જ માનવજીવનની પરમ સિધ્ધિ છે. આનંદબોધ પામેલ રાજાએ પ્રસન્નચિત્તે ગુરુની વિદાય લીધી. આપણે પણ જીવનની એકેએક ક્ષણ આનંદપૂર્વક માણીશું ?

– પ્રા.જયન્ત વિ.જોષી (svrjoshi@yahoo.com)


આજે જ આપનું લવાજમ બુક કરાવો.

ફક્ત રૂા.૫૦/-

સુકૃતિ, પ્લોટ નં.૬૮/૧, સેકટર-૩-એ (ન્યુ)

ગાંધીનગર

uti

With the Best Complements From

Sonu N. Bhatt

(Agent)

NSC, KVP, MIS, R.D., Small Savings Scheme, LIC, UTI, PPF, Cos. Deposits, SRGE, ICICI Mutual Fund, RBI Relief Bonds

Residence : Plot No. 152/2, Anand Vatika Society, Sector-22, Gandhinagar-382022

Ph. 079-23227798 (M) 98250 30798

## જિંદગીનો ચેકો....

- ગિરા પિનાકીન ભટ્ટ

છોડી દે... હવે ઝાઝુ પકડી રાખવામાં સાર નથી. પ્રીત પરાણે નોં થાય. એવી આ નગ્ન સત્ય જેવી વાસ્તવિક વાત આનંદીબા કહી રહ્યા, પડહેં એવું દેવાહે, પણ ... દુઃખના ડુંગરા એમ કોંઈ થોડા વેઠાય ? એનો પૈસો-પૂંજી એને ગંધાય, પ્રેમથી પતિની દાસી બનાય પણ ... ગુલામડી બની ઓછું રે વાય ? ... જ્યારે ... બુન., આઠ આઠ દાયકા આ આયખાના ગયા, ભલે જુનવોંણીસુ, પણ ... ઓમ જિંદગીનો જીવાય, બોલતાં-બોલતાં આનંદીબાની આંખોમાંથી બોર-બોર જેવડા આસું સરી પડયા.

હારું ઘરને હારો વર ગોતી દિકરાની દીકરીને વળાવી, પણ... નસીબને કિયે ગામ વાળવવું ? ... આ મોરલીવાળો પાપને પુણ્યનાં પોટલાં કેટલાંય ત્રાજવામાં તોલતો જે રે તો હશે કે હું ? ... ભગવાન જાણે, કેટલા નોકરો રાખ્યા હશે દરબારમાં ? બળી આ ઘડિયાળના કાંટા હળવા ફરસ, ન મગજમાં કાંટા અવળા... ચ્યોં ફરિયાદો ય કરવી ? ... મારી ફઈએ મુઈ ચાણ્ણીય મોંહણોમાં પોંચી, નકર ઈની જ ફજેતી કરી નાખું. નોં રાખ્યુ આનંદી, પણ ... બુન ... ન ઘડપણમાંય આનંદ ચ્યો ? ... હખજ નથી લેવા દેતો ને આ હરજીડો...

આઠ આઠ છોકરાંની મા હતી આ આનંદી, પણ ... એકેય છોકરાંને ઈશ્વરે આઠ-દસ માસની ઉમરોઠ વટાવવા ન્હોંતી દીધી. એક આ છેલ્લો જીવ્યો તે ભીખલો. ભીખ માંગીને ભાળ્યો. ને ભિખારી બનાવ્યો.

આ ભોળાને ભાંગનાં પોટલાં ઉંચકાવવાં હશે તે હાતેયને લઈ ગયો હશે, તેવા મન-મનમણાં સાથે આનંદી બા જીવતાં હતા. ભીખલો જનમ્યો, ને ભીખલાના બાપે સંસાર મેલ્યો. એક દહાડે જય ગિરનારી... કહી ઉપડયા તે આજ લગી હોઈ હાર હંભાળ આવી નથી. ગામ લોકોએ જાણ્યું કે ગિરનારની તળેટીમાં અલખ નિરંજનની અટારીએ ધૂણી ધખાવી છે. બાઈ માણસને કયાં ગોતવા જવું ? ... ગામ લોકોને પણ ઓળખી નથી શકતા, ત્યાં આનંદીબા પણ શું કરે ?

પાંત્રીસની આસ-પાસની ઉંમરે જવું તો કયાં ? ને એક બાળક સાથે ? ... ગામમાં જ એક મોટું રામજી મંદિર, મંદિરની સાફ-સફાઈને પૂજારીના પરિવારનું કામ-કાજ બસ, રોટી મળી ગઈ.... ઝાકા તો અભરખા આભની અભરાઈએ ચડાવેલા, એટલે મંદિરના ઓટલે આનંદીબાને સ્વર્ગનું સુખ મળી જતું.

સમય પસાર થતો ચાલ્યો. આરતીનો ઘંટ વગાડવામાં માહીર ભીખલો નિશાળનો ઘંટ વગાડનારો બની ગયો... ને માની ખુશીનો પાર ન રહ્યો. ઝટ-ઝટ ભિખલાને પૈણવાની ને દાદી બનવાનાં અભરખામાં રાચતી રહી. સમય સારો છે શાંતિથી માણી લે... એવી ટકોર પણ ઉપરવાળો કરતો નથી, ને... આપણે પણ એની રઢ મેલતા નથી., એવી શુદ્ધ ફિલસૂફી કે જે ગામડાનાં ભલાં ... ભોળા માએ છે, તેને સમજી, વિચારીને ગ્રંથ બહાર પાડનાર પણ દુનિયાનો ગ્રેટ ફિલોસોફર બની જાય, પણ જવાદે... કોને રસ છે આ બધી નકામી ચર્ચાઓમાં... ?

ગામની નિશાળમાં ચાર-ચોપડી ભણેલી, પણ એક પગે લંગડી કપલી જોડે ભીખલાનાં ભાગ્ય મંડાણાં ... ને આનંદીબા હરખાણાં... ગોળના ઢેફામાં ગગનની મીઠાશ ઉતરી આવી હોય એમ હાઉને ગોળ ખવરાવે, ને એકમાંથી બે થ્યા... ને બેમાંથી ત્રણ ... એવા આનંદમાં ઓવારણાં લે.

આમ તો મુળનામ કપિલા, પણ ... કપલીથી જ ઓળખાય, કામમાં પાવરધી. બોલવામાં પણ એવી જ. કપલી ઘરમાં ગોઠવાઈ ગઈ. ભીખલો પણ ભલો. ભોળોને ગામમાં બધાંયને મદદરૂપ થાય એવો. આમ આ જોડી ગામમાં સહુને ઈર્ષા આવે એવી બની ગઈ. કપલી ગામમાં બધાને કહેતી ફરતી કે મારી સાસુએ ભીખલાની ભીખ મારા માટે જ માંગી છે. આવા બોલથી આનંદીબા હરખાતાં, તો વળી તેને ટપારતાંય ખરા...

સમયને પવનની પુંછડીયે ફરતો મૂકી ઈશ્વર આરામ ફરમાવે છે, ને... સમય એનું કામ કરે જ જાય છે. કપલીને કંઈક નવા-જુની છે... ને ગામમાં વાત વાયરે ગઈ... કપલીને ભીખલો હરખને હૈયામાં રાખી ઉપર ઉપરથી શરમાતાં. વળી આનંદીબાના હાથ તો ઘોડિયાની દોરી હલાવવા અધિરા જ બની બેઠા. નવ માસે કપલીએ દીકરીને જન્મ આપ્યો. ગામલોકોએ સહુએ આનંદીબાની હાલતનાં સાક્ષી હતા, એટલે ગામવાળાએ જ સૂચવ્યું કે લક્ષ્મીજી આવશે. એટલે લક્ષ્મી નામ જ ઠીક છે. ને લક્ષ્મીજીએ જાણે તેમનું નામ છીનવાઈ જતું હોય તેમ વધુ રીસાયાં.

છઠ્ઠીના દિવસે એકએક કપલીને તાવ આવ્યો, ને ખેંચ ઉપડી, બીજી જ ક્ષણે કોઈ કાંઈ સમજે તે પહેલાં જ એણે દેહ મુકી દીધો. દીકરીનું આગમન વધાવું કે વહુની નનામી ઉપડાવું ? આનંદીબા ને ભીખલો અવાક બની ગયા... ગામલોકોએ પૂજારીના પરિવારે લક્ષ્મીને જીવાડી, ને મોટી કરી આપી. ભીખલાને આમેય બાળપણમાં બેન નહીં, તેથી તેના અભરખા પૂરા કરવા નવરાશની સમયે લક્ષ્મી જોડે રમતો રમે, નદી કિનારેથી કૂવા વીણી લાવે, ફૂલની વેણી કરી આપે, તો વળી આનંદીબા મંદિરના ચઢાવેલા હાર લાવી આપે, ને એમ ત્રિભેટે જિંદગી વહેતી થઈ.

લક્ષ્મીને પહેલા ધોરણમાં ભણવા મૂકી, થોડા જ દિવસો પછી ૧૫ મી ઓગષ્ટનો રાષ્ટ્રિય તહેવાર હોઈ ધ્વજવંદનની તૈયારીમાં શાળાના કર્મચારીઓ લાગ્યા હતા. લક્ષ્મી પણ નાની બાળાઓના ગીતમાં ભાગ લીધો હતો. તેથી મેદાનમાં પ્રેકટીસ ચાલતી હતી. ધ્વજ બાંધવા ભીખલો થાંભલે ચઢયો. દિકરીને જોઈ હરખાઈ ઉઠતા ભીખલાનો હાથ છટકયો, ને ધડામ, કરતો થયો ભોં ભેગો, સહુએ ભેગા મળી તેને ઉઠાડયો, ટીંગોટોળી કરી ગામના ડોકટરને ત્યાં લઈ જવામાં આવ્યો, પણ અરે ! આ શું તેના કાન-નાકમાંથી લોહી વહી રહ્યું હતું. ડોકટરે બ્રેઈન હેમરેજ થયું છે. એમ કહી દીધું, ને ઈશ્વરના આ હર્યાભર્યા દરબારમાં, આનંદીબાના ઘરના ત્રીજા પ્રકરણનો કરગણ અંત આવ્યો.

બાને દિકરી હવે કુદરતની થાપટો સામે ઝીંક ઝિલતાં થઈ ગયા હતાં. જાપ પણ કર્યા. ... છુટકો છે ? ... નાખ તું તારે આખાય મલકમાં મને જ ભાળી ગયો છે મોહનીયા ? નરસૈયો ને મીરાં પછી હું જ હાથ લાગી છું ? એવું સ્વગત બબડતાં રહેતાં ને દીકરીને ઓછું ન આવે તેમ હિંમત ધરતાં રહેતાં, કોકવાર વાતે વળે તો દિકરીને કે તા, જો ને બેટા, વરહોથી મંદિરમાં એની હામે રઉસુ, તે બાપડો મન જ ભાળસ, અને હાચી વાત કઉં, બાયડીનો કશોય વાંક-ગુનો ન હોય તોયે ઘરવાળો બધાંય ને ના તતડાવે, બાયડી જ હાથમાં આવ... ઈમ માર ય એવું જ સ, હું ય ઓમ તો અલખ નિરંજનની જ ધણિયાણીને ! ને વાત કયાં ખોટી હતી ?

હવે લક્ષ્મીજી રિસાયેલા વિષ્ણુપત્ની તો દૂર-દૂર રહેતાં પરંતુ બ્રહ્માની દીકરી સરસ્વતી એની સાહેલી હની ગઈ. ગામ લોકોનો સહકાર, શાળાનો સહયોગને લક્ષ્મીની ધગશ ને કારણે લક્ષ્મી એક પછી એક વર્ગમાં શ્રેષ્ઠ દેખાવો કરવા લાગી. ધો.૧૦ અને ૧૨ માં પણ સેન્ટર ફસ્ટ રહેવા લાગી. ગામડા ગામની આ છોકરી એમ.એસ.સી. ફર્સ્ટ કલાસ થઈ બી.એડ. ને એમ.એડ. કર્યુ. સમય જતાં કોલેજમાં લેકચરર બની ગઈ. હવે ... આનંદીબા નો આનંદ આંખનો પલકે બેઠો હતો. સારો, સંસ્કારી કે ખાનદાન મુરતિયો શોધી પરણાવવા તલ પાપડ હતા. તો ... દિકરીને દૂર કર્યાના દુઃખ પણ સહન કરવા પડશે. પરંતુ દીપે વનિતા-વર ગૃહેના નાતે સારો છોકરો શોધી પરણાવી.

કોણ જાણે કેમ પરંતુ અકકરમીનો પડિયો કાણો, તેમ આ લક્ષ્મીનો વર પૈસે ટકે સદ્ધર, પરંતુ દારૂના રવાડે ચડી ગયેલો... એ

**(અનુસંધાન- પાંચમા પાને)**

**Owner, Printer, Publisher & Editor** Ashokkumar Krishnalal Mehta, **Printed :** Capital Offset, Plot No. L-801/1, G.I.D.C., Sector-28, Gandhinagar **Published :** "Sukruti", Plot No. 68/1, Sector-3/A (New), Gandhinagar (GUJARAT)